**સુરતના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ (બીજી કોટૅ) સાહેબની**

**કોટૅમાં, સુરત**

**ફોજદારી કેસ નંબર –૪૫૫૯૨/૧૮**

**આંક – ૧૧**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપીઓ :** **(૧) હુસૈન ફૈઝ મોહમદ શેખ**
**(૨) ઝહીર યુસુફ શેખ**
**(૩) આમદનુર યુસુફ સૈયદ**
**(૪) રીશી રમેશભાઇ પાનવાલા**
**(૫)મનીષ પ્રાણજીવન રાણા**
**(૬) યાશીન જબારખાન પઠાણ**
**(૭) શબ્બીર હુશેન ગુલામ હુશેન શેખ**

**ગુન્હો –** ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમ કલમ – ૪,૫ મુજબ

**: ચુકાદો :**

૧. ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપી.નં–૧ નાએ પોતાના અંગત ફાયદા સારૂ બીજા તમો આરોપીઓને બોલાવી પોતે રાખેલ ફ્લેટમાં પૈસા પાનાનો અંદર બહારનો હારજીતનો જુગાર રમી રમાડી નાળ પેટે પૈસા ઉગરાવી જુગાર રમાડી રેઈડ દરમ્યાન જુગારના સાધનો નાળના તથા અંગ ઝડતી ના રોકડા રૂપીયાની મત્તાની સાથે મળી આવતા આરોપીઓએ જુગાર ધારાની કલમ – ૪,૫ મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ રેલી કબુલાતએ કોઈના દાબ, દબાણ વીના સ્વખુશીએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપીને સજા ,અંગે પૂછતા જણાવેલ છે કે, આરોપીનો

પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે.ઉપરોકત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**– : હુકમ :–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ – ૨૫૨ મુજબ ગુજરાત જુગાર પ્રતિબંધ અધિનિયમની કલમ–૪.૫ મુજબ હેઠળ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. દરેક આરોપીઓને રૂ.૧૦૦૦/– અંકે રૂપિયા એક હજાર પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા, જો દંડ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે રોકડા રૂપીયા સરકાર હસ્તક ખાલસા કરી સરકારમાં જમા કરાવા અને અન્ય મુદામાલનો અગાઉ હુકમ થયેલ કાયમ કરવામાં આવે છે. ગંજીપાનાનો ખરાઇ કરી નિયમ મુજબ નિકાલ કરી રીપોર્ટ કરવો.

હુકમ આજરોજ તારીખ ૮ મી ડીસેમ્બર સને ૨૦૧૮ નાં રોજ અદાલતમાં જાહેર કર્યો.

સુરત
તા –૦૮/૧૨ /૨૦૧૮

(કલ્પેશ મનોહરલાલ પંડીત)
જે.એમ.એફ.સી,બીજી કોર્ટ,
સુરત
**UIC–GJ00838**